# જિયોકોઈન બાદ હવે બિરલા ઈન્સ્ટિટ્યૂટનો બીમકોઈન લોન્ચ થયો

તાજેતરમાં રિલાયન્સ ગ્રુપની જિઓએ જિઓકોઈન લોન્ચ કર્યો બાદ હવે બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ટેક્નોલોજીએ પોતાના કેમ્પસમાં ઉપયોગમાં લઈ શકાય એવો બીમકોઈન બહાર પાડ્યો છે. ઈન્સ્ટિટ્યૂટની અખબારી યાદીમાં જણાવાયા મુજબ બીમકોઈન વિદ્યાર્થીઓ, વેન્ડર્સ અને સંચાલકો વચ્ચેના વ્યવહારો માટે ઉપયોગમાં લેવાશે. વળી, બ્લોકચેઈન અને ડિજિટલ ફાઈનાન્સના વિદ્યાર્થીઓને એની મદદથી પ્રેક્ટિકલ તાલીમ પણ મળશે.

પરમિશન્ડ બ્લોકચેઈનના નામે ઓળખાતી પદ્ધતિ દ્વારા બીમકોઈન વિકસાવવામાં આવ્યો છે. બિરલા ગ્રુપનું સમર્થન ધરાવતી આ ઈન્સ્ટિટ્યૂટે બીમકોઈન વિકસાવવા માટે કલ્પ ડિજિટલ ફાઉન્ડેશન સાથે સહયોગ સાધ્યો છે. પરમિશન્ડ બ્લોકચેઈનમાં માન્યતાપ્રાપ્ત સહભાગીઓ જ જોડાઈ શકે છે, જ્યારે પબ્લિક બ્લોકચેઈનમાં કોઈ પણ વ્યક્તિ સહભાગી થઈને વ્યવહાર વેલિડેટ કરી શકે છે. સામાન્ય રીતે બિઝનેસમાં પરમિશન્ડ બ્લોકચેઈનનો ઉપયોગ થાય છે.

વૈશ્વિક ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં ગુરુવારે કેપિટલાઈઝેશન ૧.૯૪ ટકા ઘટી ગયું હતું. તેમનો મુખ્ય કોઈન - બીટકોઈન ૨.૦૮ ટકા ઘટીને ૧,૦૨,૦૯૬ ડોલર પર પહોંચ્યો હતો. ઈથેરિયમમાં પણ ૧.૯૬ ટકાના ઘટાડા સાથે ભાવ ૩૨,૨૩૪ ડોલર થયો હતો. એક્સઆરપીમાં ૨.૭૨ ટકા, સોલાનામાં ૫.૨૩ ટકા, ડોઝકોઈનમાં ૩.૨૮ ટકા, કાર્ડાનોમાં ૨.૩૩ ટકા, ટ્રોનમાં ૩.૧૮ ટકા અને અવાલાંશમાં ૪.૪૦ ટકા ઘટાડો થયો હતો.